# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-05-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

***************************************************

1) કેન્દ્ર સરકારે ખરીફ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો કર્યો
2) 20 હજાર કરોડ રૂપિયાના ખર્ચે અમદાવાદથી ધોલેરા સુધી સેમી હાઇસ્પીડ દ્વિમાર્ગી રેલવે પરિયોજનાની કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી
3) ઈંધણ બચાવવા અંગે પ્રધાનમંત્રીની અપીલ બાદ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યોએ ગાડીઓના કાફલો ઓછો કર્યો
4) મોરબીના નવા સાદુળકા ગામના તળાવમાં ડૂબી જતાં ત્રણના મોત
5) રાજ્યમાં હજુ બે દિવસ ગરમીનું મોજું યથાવત રહેવાની આગાહી
6) એશિયન સિનિયર વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં જ્ઞાનેશ્વરી યાદવે બે ચંદ્રક જીત્યા

..........................................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CABINET-MSP

આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ માર્કેટિંગ સીઝન 2026-27 માટે 14 ખરીફ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ-MSPમાં વધારો કર્યો છે. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, સરકારે ખેડૂતોને તેમના ઉત્પાદન માટે લાભદાયી ભાવ સુનિશ્ચિત કરવા માટે MSPમાં વધારો કર્યો છે. તેમણે ઉમેર્યું કપાસ માટે પ્રતિ ક્વિન્ટલ 557 રૂપિયા, તલ માટે 500 અને મગફળી માટે 254 રૂપિયાનો વધારો કરાયો છે.

**(બાઇટ : ASHWINI-KHARIF)**

# AHMEDABAD-DHOLERA

કેન્દ્રીય મંત્રીમંડળે આજે અંદાજે 20 હજાર 667 કરોડ રૂપિયાના ખર્ચે અમદાવાદથી ધોલેરા સુધી સેમી હાઇસ્પીડ દ્વિમાર્ગી રેલવે પરિયોજનાને મંજૂરી આપી છે. આ ભારતીય રેલવેનો પ્રથમ સેમી હાઈ-સ્પીડ પ્રોજેક્ટ હશે, જેનું સ્વદેશી રીતે વિકસિત ટેકનોલોજીથી નિર્માણ કરાશે. અમદાવાદ જિલ્લાને આવરી લેતો આ પ્રોજેક્ટ હાલના માળખામાં આશરે 134 કિલોમીટરનો વધારો કરશે. જેનાથી આશરે 284 ગામોની કનેક્ટિવિટી વધશે. આ અંગે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, આ પ્રોજેક્ટ અમદાવાદ, ધોલેરા SIR, ધોલેરા એરપોર્ટ અને લોથલ નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ વચ્ચે ઝડપી કનેક્ટિવિટી પ્રદાન કરશે.

# CONVOY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઈંધણ બચાવવા અંગેની અપીલ બાદ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યોએ ગાડીઓના કાફલો ઓછો કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમરેલીના રાજુલા ખાતેના કાર્યક્રમમાં માત્ર 5 ગાડીઓના કાફલા સાથે પહોંચ્યા હતા જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના કાફલામાં પણ હવે માત્ર ત્રણ ગાડી જોવા મળશે. કેટલાક વિભાગની બેઠકો વર્ચ્યુંઅલી યોજવા પણ નિર્ણય લેવાયો હોવાનું કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું. પશ્ચિમ એશિયાની સ્થિતિને પગલે સમીકરણ બદલાય હોવાનું પણ તેમણે ઉમેર્યું.

(બાઇટ: ઋષિકેશ પટેલ, કેબિનેટ મંત્રી)

# SURAT ARCHITECT

સોનું ઓછું ખરીદવા અને ઈંધણ બચત અંગે પ્રધાનમંત્રીની અપીલ બાદ રાજ્યના નાગરિકો પણ સ્વીકારી રહ્યા છે. સુરતના આર્કિટેક્ટ પ્રાંજલ પટેલે વિદેશ જવાનો યોજના માંડી વાળી છે. તેમણે કહ્યું કે તેમનો પરિવાર પણ હવે જાહેર પરિવહનનો ઉપયોગ કરી રહ્યો છે.

**(બાઇટ : પ્રાંજલ પટેલ, આર્કિટેક્ટ)**

# MORBI DEATH

મોરબીના નવા સાદુળકા ગામના તળાવમાં ડૂબી જતાં ત્રણના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે બાળક સહિત ચાર લોકો ઘેટાં બકરા ચરાવવા ગયા હતા ત્યારે તળાવમાં ન્હાવા પડ્યા હતા તે દરમિયાન આ ઘટના બની હતી. બાળક સહિત ત્રણના મોત થતા પરિવારમાં શોકનો માહોલ છે.

# BHARUCH ANKARIA ACCIDENT

ભરૂચના ટંકારીયા-કંબોલી રોડ પર વાન અને રિક્ષા વચ્ચે ટક્કર થતા અકસ્માત સર્જાયો હતો. જેમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય કેટલાક લોકોને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતા પોલીસ ટીમ અને 108 એમ્બ્યુલન્સ પણ સ્થળ પર પહોંચી હતી. ઇજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે

# ESIC MEET

ગાંધીનગરમાં કર્મચારી રાજ્ય વીમા નિગમ-ESIC પ્રાદેશિક બોર્ડની ૧૩મી બેઠક યોજાઈ, જેમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ શ્રમ કલ્યાણ અને સામાજિક સુરક્ષાના મુદ્દાઓ પર ચર્ચા કરી. વર્ક ફ્રોમ અંગે શ્રી બાવળિયાએ જણાવ્યું હતું કે, "જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી ઓનલાઇન કામ માટે પ્રયત્નો કરાશે. એસોસિએશન સાથે બેઠક બાદ નિર્ણય લેવાશે.

**(બાઇટ : કુંવરજી બાવળિયા, મંત્રી)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# JUSTIC BIREN VAISHNAV

ગુજરાતના લોકાયુક્ત તરીકે સેવાનિવૃત્ત ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવની નિમણૂક કરવામાં આવી છે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આજે ગાંધીનગર લોકભવન ખાતે તેમને શપથ લેવડાવ્યા હતા.આ શપથવિધિ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકરચૌધરી, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મંત્રીમંડળના સભ્યો તેમજ વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# SURAT HAWALA

સુરતમાંથી 2 હજાર કરોડના હવાલા કૌભાંડનો પર્દાફાશ થયો છે.આવક ગુપ્તચર નિદેશાલય- DRIની ટીમે સુરત વિશેષ આર્થિક ક્ષેત્ર-SEZમાં કાર્યરત એક જ્વેલર્સ કંપની સાથે જોડાયેલા આ કેસમાં મુખ્ય આરોપી મોન્ટુ હર્ષદ ગાંધીને ઝડપી પાડ્યો છે. તપાસ મુજબ આ સમગ્ર કૌભાંડનો આંક અંદાજે 2 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચે છે.

તપાસમાં ખુલ્યું છે કે વિદેશથી નીચી ગુણવત્તાના હીરાની આયાત કરાતી હતી અને કાગળ પર તેની કિંમત અસલી કિંમત કરતાં અનેક ગણી વધારે દર્શાવીને નિકાસ કરાતા હતા.

જેનાથી કસ્ટમ ડ્યુટીમાં ગેરરીતિ કરવા ઉપરાંત સરકારી સબસિડી અને અન્ય આર્થિક લાભ લેવાતા હતા. લાંબા સમયથી નજર રાખ્યા બાદ DRIએ ડિજિટલ પુરાવાના આધારે તેની ધરપકડ કરી હતી. બાદમાં સુરત અદાલતમાં રજૂ કરતાં આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે.

# WEATHER

રાજ્યમાં હજુ બે દિવસ ગરમીનું મોજું યથાવત રહેવાની આગાહી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ, પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશાના ગરમ પવનો ફૂંકાતા આ સ્થિતિ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના નિયામક ડૉ એ કે દાસે જણાવ્યું કે કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લામાં આગામી બે દિવસ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

(બાઇટ : ડૉ એ કે દાસ, નિયામક)

# WEIGHTLIFTING

ગાંધીનગરમાં ચાલી રહેલી એશિયન સિનિયર વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપના ત્રીજા દિવસે જ્ઞાનેશ્વરી યાદવે બે ચંદ્રક જીત્યા. તેમણે 53 કિલો વજન વર્ગમાં પ્રભાવશાળી પ્રદર્શન કર્યું અને સ્નેચ વિભાગમાં રજત ચંદ્રક અને કુલ 194 કિલો વજન ઉપાડીને કાંસ્ય ચંદ્રક મેળવ્યો. આ શ્રેણીમાં ચીનના જિનલાન ઝાઓએ કુલ 216 કિલો વજન ઉપાડીને સુવર્ણ ચંદ્રક જીત્યો, જ્યારે વિયેતનામના હોઆઈ હુઓંગ ન્ગુયેને કુલ 195 કિલો વજન ઉપાડીને રજત ચંદ્રક જીત્યો હતો.

# BHAVNAGAR LION PRIDE

પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે મંડળના પાઇલટે 6 સિંહોના ટોળાને ટ્રેનની અડફેટમાં આવતાં બચાવ્યા છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ ત્રિપાઠીએ જણાવ્યું કે ગઇકાલે સહાયક લોકો પાઇલટ જૂનાગઢ–વેરાવળ પેસેન્જરનું સંચાલન કરી રહ્યા હતા. તે દરમિયાન રેલવે ટ્રેક પર અચાનક 6 સિંહોનું એક ટોળૂ પાટા પાર કરતું જોવા મળ્યું. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પાઇલટે તાત્કાલિક ઇમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને સુરક્ષિત રીતે અટકાવી દીધી, જેના કારણે તમામ સિંહો સંભવિત અકસ્માતથી બચી ગયા.

# IBCA- THEMATIC EVENTS

ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં કેન્દ્ર સરકાર મોટી બિલાડીઓના સંરક્ષણને પ્રોત્સાહન આપવા વિષય આધારિત કાર્યક્રમોનું આયોજન કરશે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે જણાવ્યું કે, આ કાર્યક્રમો આંતરરાષ્ટ્રીય મોટી બિલાડી ગઠબંધન શિખર સંમેલન-2026 અગાઉ યોજાશે. કાર્યક્રમોનું આયોજન ગુજરાતના ગીર, મધ્ય પ્રદેશના ભોપાલ, ઓડિશાના ભુવનેશ્વર, સિક્કિમના ગંગટોક અને મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં કરાશે.

આ કાર્યક્રમોમાં વાઘ, એશિયાઈ સિંહ, દીપડો, હિમ દીપડો અને ચિત્તા સંરક્ષણ સંબંધિત પ્રયાસો, સિદ્ધિઓ અને પડકારોને પ્રદર્શિત કરાશે. ગીરમાં એશિયાઈ સિંહ સંરક્ષણ કાર્યક્રમ યોજાશે, જેમાં પ્રોજેક્ટ લાયન, વૈજ્ઞાનિક દેખરેખ પ્રણાલી, આવાસ સુધારણા અને માલધારી સમુદાયની ભૂમિકાને રેખાંકિત કરાશે.